# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

 26th March, 2015

**૧) મધર ટેરેસા :–**

– આજે ૨૬ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મધર ટેરેસાની ૧૦૫ મી પૂણ્યતિથિ છે.

– તેમનો જન્મ ૨૬ ઓગસ્ટ, ૧૯૧૦ના રોજ યુગોસ્લોવીઆમાં થયો હતો.

– તેઓએ ભારતમાં આવી રકતપિતોની સેવા તેમજ સમાજસેવામાં પોતાનું જિવન સમર્પિત કર્યુ હતું.

– વર્ષ – ૧૯૬૨માં રેમન મેગ્સેસે એવોર્ડથી નવાજાયા હતા.

– તેમજ વર્ષ ૧૯૭૯માં તેમને શાંતીના નોબેલ પારિતોષિક સન્માનિત કરવામાં આવ્યા હતા.

– ભારત સરકાર દ્વારા વર્ષ – ૧૯૮૦માં તેમને ભારતના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

– અવાસાન :– ૫ સપ્ટેમ્બર, ૧૯૯૭ ના રોજ ૮૭ વર્ષની વયે કલકત્તા ખાતે તેમનું અવસાન થયું હતું.

**૨) દ્રોણાચાર્ય એવોર્ડ – ૨૦૧૫ :–**

– ભારત સરકારના ખેલ મંત્રાલય દ્વારા આ વર્ષ માટે પાંચ મહાનુભાવોને દ્રોણાચાર્ય એવોર્ડથી નવાજવામાં આવશે.

– ૧) અનૂપસિંહ – કુશ્તી કોચ
૨) નવલસિંહ – પેરાલિમ્પિક કોચ
૩) હરબંસસિંહ – એથ્લેટિકસ
૪) સ્વતંત્ર રાજસિંહ – બોકિસંગ કોચ
૫) નિહાર અમિન – સ્વિમિંગ કોચ

– આ અંતર્ગત અનૂપસિંહ અને નવલસિંહને તેમના વર્ષ – ૨૦૧૧ થી ૨૦૧૪ના દેખાવને ધ્યાનમાં રાખીને તેમજ અન્ય ત્રણ કોચને છેલ્લા ૨૦ વર્ષોમાં પોતાની રમતોમાં યોગદાન બદલ આ એવોર્ડ માટે પસંદ કરાયા છે.

– દ્રોણાચાર્ય પુરસ્કાર વર્ષ – ૧૯૮૫ થી એવા જાણીતા કોચને અપાય છે કે જેઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સારી સફળતા હાંસલ કરી હોય.

– દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતાઓને ૨૯ ઓગસ્ટ રાષ્ટ્રીય ખેલ દિનના દિવસે સ્મૃતિચિન્હ, પ્રસસ્તિપત્ર અને પાંચ લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર મળશે.

**૩) ધ્યાનચંદ એવોર્ડ – ૨૦૧૫ :–**

– આ વર્ષના ધ્યાનચંદ એવોર્ડ માટે કેન્દ્રિય ખેલ મંત્રાલય દ્વારા ત્રણ નામ પર પસંદગી ઉતારાઈ છે.

– ૧) રોમિયો જેમ્સ (હોકી)
૨) શિવ પ્રકાશ મિશ્રા (ટેનિસ)
૩) ટીપીપી નાયર (વોલિબોલ)

– વર્ષ – ૨૦૦૨થી ભારત સરકાર દ્વારા ધ્યાનચંદ પુરસ્કારની શરૂઆત કરાઈ હતી.

– ખેલકૂદમાં લાઈફટાઈમ અચિવમેન્ટ બદલ આ પુરસ્કાર અપાય છે.

– દ્રોણાચાર્ય પુરસ્કારની જેમ આ પુરસ્કારમાં પણ વિજેતાઓને સ્મૃતિચિન્હ, પ્રસસ્તિપત્ર અને પાંચ લાખ રૂપિયાનો રોકર્ડ પુરસ્કાર મળશે.

Vivekanand Academy, Gandhinagar